# કુમાર-કોશ

પરિચય કર્તા : રમેશ બાપાલાલ શાહ -- ૭૦૩, નૂતન નિવાસ, ભટાર માર્ગ, સુરત

કુમાર-કોશ : અલ્લાદીનના જાદુઈ ચિરાગની જેમ, આપણી પાસે માંગો તે મળી જાય એવો આ અદ્‌ભુત સાહિત્ય-સંગ્રહ ઉપલબ્ધ છે. એને સાહિત્ય-સંગ્રહ કહેવાથી એની પૂરેપૂરી ઓળખ મળી શકે નહીં.

એને સર્વ-સંગ્રહ કહી શકાય.

એને એન્સાઈક્લોપિડિયા કહી શકાય.

એને વીકીપિડિયા કહી શકાય.

'કુમાર'ના પ્રત્યેક અંકમાં મુખપૃષ્ઠ પર મથાળે અવશ્ય લખાતું કે એ આવતી કાલના નાગરિકોના ઘડતર માટેનું માસિક છે. આ યથાર્થ હતું અને આજે પણ સર્વાર્થસિદ્ધ છે.

'કુમાર'માં શું છે એ કરતાં 'કુમાર'માં શું નથી એ સવાલનો જવાબ આસાન રહે. અથવા તો એમાં જીવનઘડતર માટે જરૂરી એવું બધું જ છે. 'કુમાર'ના એક હજાર અંકોમાં પથરાયેલી સમૃદ્ધિની યાદી બનાવીએ તો એ પણ ખૂબ લાંબી બને.

આપણે એ સમૃદ્ધિની ઓળખ કરીએ :

સૌ પ્રથમ 'કુમાર' એની કળા-સમૃદ્ધિથી તો ખ્યાત છે જ. એના અંકોમાં પૂર્ણરંગી, દ્વિરંગી, એકરંગી, શિલ્પ, છબિ, પોસ્ટરો, રેખાંકનોની સંખ્યા અપાર છે. નાના-મોટા ચિત્રો મળીને દશેક હજારની સંખ્યા હશે. વળી પ્રત્યેક ચિત્રોમાં એ ચિત્રની વિશેષતા પણ જણાવી હોય. ચિતરતાં કેમ શીખવું એની લેખમાળા પણ 'કુમાર'માં મળે છે. આ ઉપરાંત ચિત્રકળા વિષયના અને દેશ-વિદેશના કળાકારોના અને એમની કળાનો પરિચય કરાવતા લેખો અપાર છે.

'કુમાર'ના પહેલાં પાને કાવ્યોનો રસથાળ હોય છે. પ્રત્યેક અંકમાં પાંચથી દશ જેટલા કાવ્યો તો હોય જ. એવા તો અનેક કાવ્યો છે જે પછીથી લોકજીભે ચડી કાયમ માટે યાદગાર બન્યા હોય. વળી 'કુમાર'ના કાવ્યોની કક્ષા પણ ઉત્તમ હોય, એ તો આ વાતથી સમજાઈ જશે કે જાણીતા કવિઓ પણ પોતાનું કાવ્ય 'કુમાર'માંથી અસ્વીકૃત થયું હોય એનો પણ આનંદ પામતાં અને તંત્રીની ટકોરને મૂલ્યવાન સમજતાં. કાવ્યોની સાથે-સાથે કાવ્યોની ખૂબી પણ તંત્રી આપણી સામે ધરતાં. નવોદિત કવિઓને તો આ કાવ્ય-શિક્ષણના પાઠ ગણાય. કાવ્યના છંદ વગેરે જાણકારી માટે પણ અભ્યાસ કક્ષાના લેખો છપાયા છે.

'કુમાર'માં પ્રત્યેક અંકમાં એક જીવન-ચરિત્ર અવશ્ય હોય. આમ દેશ-વિદેશના મહાનુભવોના એક હજારથી વધુ ચરિત્રો એના વાચકને જીવનની ખરી દિશા ચીંધે છે. આ ઉપરાંત એના અન્ય વિભાગો જેવા કે કંકાવટી, કલાવાર્તા, માધુકરી, માસની વ્યક્તિ વિશેષ વિભાગો મળીને બીજા પાંચ હજારથી વધુ પરિચયો મળે છે.

ગુજરાતી ભાષાની વાર્તા-સમૃદ્ધિ, એનો વિકાસ આ બધું 'કુમાર'ના વિશાળ વાર્તા સંગ્રહમાં મળે. ગુજરાતના દરેકે દરેક સાહિત્યકારોએ પોતાની કૃતિઓ 'કુમાર'માં આપી છે. આ ઉપરાંત અન્ય ભાષાઓ, સંસ્કૃત, અંગ્રેજી તથા દેશ-વિદેશની અન્ય ભાષાઓની ઉત્તમ કૃતિઓએ 'કુમાર'માં સ્થાન મેળવ્યું છે. ચારિત્ર્ય ઘડતર માટેની પૂરતી કાળજી રાખીને પછી જ આ બધી વાર્તાઓને અહીં સ્થાન મળ્યું છે.

ઈતિહાસ અને ભૂગોળના પાઠ તો રમતાં રમતાં શીખાઈ જાય એટલા રસાળ છે. દુનિયાભરના શહેરોની ઓળખ 'કુમાર'માં જ હોઈ શકે.

'કુમાર'માં અનેક લેખમાળાઓ પ્રગટ થઈ છે. ફાધર વાલેસની સંસ્કાર ઘડતરની લેખમાળા સૌ પ્રથમ 'કુમાર'માં પ્રગટ થઈ હતી. રવિશંકર મ.રાવળ અને કાકાસાહેબથી લઈને જીવરામ જોશી, ચન્દ્રવદન મહેતા, ગુલાબદાસ બ્રોકર, રમણલાલ શાહ, નવનીત પારેખ વગેરેએ યાદગાર પ્રવાસ વર્ણનો આપ્યા છે. તો સુકાની જેવા સાગર મરમીએ ઉત્તમ સાગરકથાઓ આપી છે. ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની શરીર વિજ્ઞાનની કે આરોગ્ય વિષયની લેખમાળાઓ પાઠ્યપુસ્તકથી પણ વધુ ઊંડાણભરી ઝીણવટથી લખાઈ છે. 'ચાલો અંગ્રેજી શીખીએ' લેખમાળા, પુષ્પ કે વૃક્ષના પરિચયની લેખમાળા, સેંકડો પશુ-પક્ષી-જળચરોની ઓળખની લેખમાળા, આપણાં લુપ્ત થતાં જતાં તહેવારોની યથાર્થતા સમજાવતી લેખમાળા...અને આવું આવું ઘણું 'કુમાર'મા પાનાંઓમાં ખીચોખીચ સમાવાયું છે.

આશરે પાંચેક હજાર સર્જકોના હાથે 'કુમાર'નું સંવર્ધન થયું છે. આટલા બધાં લેખકો, કવિઓ, ચરિત્રકારો, ચિત્રકારો, તસ્વીરકારો, નિબંધકારો, વ્યંગકારો, વિજ્ઞાનીઓ, પોતપોતાના વિષયોના તજજ્ઞો સહુએ મળીને 'કુમાર'ને અતિ સમૃદ્ધ બનાવ્યું છે. વળી આ બધું એના તંત્રીઓની બાજ નજર તળે પરખાઈને પછી વાચકોના હાથમાં આવ્યું છે.

'કુમાર'ની આ સમૃદ્ધિમાં કળશ સમું કાર્ય પણ થઈ રહ્યું છે. એ છે, એમાં ઉમેરણ કરાયેલી અત્યંત ઉપયોગી પૂર્તિઓ. 'કુમાર' એની ક્ષમતા પ્રમાણે આવેલી સામગ્રીમાં વિપુલ પ્રમાણમાં ઉમેરણ થયું છે.

૧. હજારોની સંખ્યામાં પૂર્ણરંગી દુર્લભ ચિત્રો ઉમેરાયા છે, જેની ઊંચી ક્વૉલિટી, એની રંગીન છાપ લેવા માટે સક્ષમ છે.

૨. જે કાવ્યો - ગીતો લોકજીભે ચડ્યા છે તેની ઑડિયો ફાઈલો ઉમેરાઈ છે, જેથી એ કાવ્યો સાંભળીને પણ માણી શકાય.

૩. શાસ્ત્રીય સંગીતની લેખમાળા સાથે પ્રત્યેક રાગની સમજ સાથે રાગના આરોહ-અવરોહ, પકડ તથા એ રાગની ચીજોની ઑડિઓ સામેલ છે.

૪. અનેક મહાનુભવોના જીવન ચરિત્રોની સાથે તેમનાં પ્રવચનોની વિડિઓ ફાઈલો પણ ઉમેરાઈ છે, જે તેમનો સાક્ષાત્કાર કરાવે છે.

'કુમાર' ઈ.સ.૧૯૨૪માં શરૂ થયું. એના પ્રગટ થયેલા બધા જ અંકોનો મહામૂલ્યવાન સંગ્રહ આજે ભાગ્યે જ કોઈની પાસે હોય. આ પૂરેપૂરો સંગ્રહ સંવર્ધીત થઈને આજે ફરીથી એનાં સાઠેક હજાર પૃષ્ઠોની અને મબલખ ચિત્રોની મહામૂડી બનીને કૉમ્પ્યુટરની કમાલના સહારે ફરીથી આપણી સમક્ષ હાજર થઈ રહ્યો છે. વળી એની આટલી બધી - ૪૦,૦૦૦ જેટલી - શિર્ષક યાદીમાંથી જે કાંઈ જોઈતું હોય એ કિ-બૉર્ડની ક્લિક માત્રથી સેકંડોમાં આપણી સમક્ષ આવી જાય એવી ગોઠવણ ઝડપી 'સર્ચ-ઍન્જિન'થી કરવામાં આવી છે.

એવી પણ ટકોર કોઈએ કરી હતી કે આ બધું તો વર્ષો પહેલાનું છે. આજની દુનિયા તો ખૂબ આગળ નીકળી ગઈ છે. આ સામગ્રી જૂની નહીં લાગે ? 'કુમાર'ના તંત્રીઓની જાગૃતિ અને ધ્યેયના પરિણામે વાચકોને આપવામાં આ સામગ્રી સાથે સંસ્કાર મળે એ અગ્ર ક્રમે રહ્યું છે. વિનસના જગખ્યાત શિલ્પની કે એવા 'અડવા' ચિત્રો સાથે એ ચિત્રો કઈ નજરે જોવાના હોય એ પણ શીખવ્યું છે. આજના માહિતિથી ફાટફાટ થતાં ઈન્ટરનેટના ભયસ્થાનોની તો સહુકોઈને જાણ છે જ. શિક્ષણ આપવામાં 'કુમાર' માતા-પિતા કે શિક્ષક-પ્રાધ્યાપકોની સમકક્ષ છે અને 'કુમાર'માં અપાયેલી બધી જ સામગ્રી શાશ્વત છે.

મારી બાર વર્ષની વયે 'કુમાર'નો પ્રથમ સ્પર્શ મને થયો ત્યારથી આ ક્ષણ સુધી એમાંથી એટલું બધું મળ્યું છે કે મારા જીવનની પ્રત્યેક ક્ષણ આનંદથી છલોછલ બની છે. છેલ્લાં દશ વર્ષથી 'કુમાર કોશ' તૈયાર કરવાનું આ ભગીરથ કાર્ય હાથમાં લીધું છે ત્યારથી, આ મૂલ્યવાન સંગ્રહની તૈયારી કરતાં કરતાં એ સ્પષ્ટ થયું છે કે કોઈ મા-બાપ (મમ્મી-પપ્પા) તૈયાર થાય તો પોતાનાં બાળકને 'કુમાર' દ્વારા શિક્ષણ આપી શકે અને શાળાએ મોકલ્યા વિના; અને એ દશમું ધોરણ પાસ થાય ત્યારે એની કક્ષા ગ્રેજ્યુએટ જેટલી હોય ! (જાન્યુઆરી-૨૦૦૯)

*નોંધ - આશરે ૨૨ વર્ષ પહેલાં જાણીતા લેખક શ્રી ભોળાભાઈ પટેલે એક લેખ લખ્યો હતો જેનું શિર્ષક હતું : "મારી પાસે પુષ્કળ પૈસા હોય તો કુમાર માસિકની ૭૦ વર્ષની આખી ને આખી ફાઈલો ફરીથી છાપું." આ લેખ મારી આ પ્રવૃત્તિનો એક પાયો છે.*